**અમદાવાદ(ગ્રામ્ય)ના મે. ૮મા એડી.સીવીલ જજ અને જ્યુડી.મેજી.**
**ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ.મીરઝાપુર,અમદાવાદ.**

**<u>ક્રિમીનલ કેસ નંબર– ૧૦૭૯૮ / ૧૮</u>**

આંક:–

ફરીયાદી:– શ્રીસરકાર

વિ.

આરોપી:– બિપીનભાઈ વ્રજલાલ પટેલ

**ગુનો:– <u>ઈ.પી.કો.કલમ ૧૮૮ મુજબ.</u>**

**<u>ચૂ કા દો</u>**

૧. ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે ઈ.પી.કો.કલમ ૧૮૮ મુજબના શિક્ષાને પાત્ર ગુનો કરી ભંગ કરીને ઈ.પી.કો. ક. ૧૮૮ મુજબનો ગુનો કરેલ છે.

૨. આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાતરી કરેલ છે. આરોપીને ગુના કબુલાત અંગે પૂછતાં તેઓએ ગુનાની કબુલાત કરેલ છે, જેથી તેઓની ગુનાની કબુલાત લીધી. આ કામમાં આંક– થી આરોપીએ ગુના કબુલાત પૂરસીસ આપેલછે. તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને ગુનો કબુલ છે. તેઓનો આ પ્રથમ ગુનો છે. અને તેઓ કોઈપણ જાતની ધાક ધમક કે દબાણ વગર ગુનો કબુલ કરે છે. જેથી તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે. આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાતરી કરવામાં આવેલ છે. આમ આરોપીના ઉપરોકત સંજોગો જોતાં નીચે મુજબ હુકમ કરું છું.

**<u>હુ ક મ</u>**

આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ:૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમ –૧૮૮ અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપીને રૂા. ૨૦૦ /–અંકે રુપિયા બસો પુરાનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન– ૩ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૦૮ મી માહે ડીસેમ્બર, ૨૦૧૮ નારોજ લોકઅદાલતમાં જાહેર કર્યો.

અમદાવાદ
તા. ૦૮ /૧૨/ ૧૮

(નિલેશ. આર. સોલંકી)
UIC No. GJ 01432
૮મા એડી.જ્યુડી.મેજી.ફ.ક.
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.